અપીલ અરજી નં.૧૯/૦૮–૦૯ તા. ૨૨–૪–૦૮

અરજદારઃ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી
સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

# હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીનીતા.૨૬–૨–૦૮ની અરજીથી ટેના નં.૧૭બી–૩૫–૦૭૯૧–૦–૦૦૧ ના આકારણી વર્ષ ૧૯૯૧–૯૨ થી આકારણી વર્ષ ૧૯૯૯–૨૦૦૦ સુધી સાલના વેરા બીલોની નકલો આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૨–૪–'૦૮ ની અપીલ અરજી ૧૯/૦૮–૦૯

શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૨૬–૨–૦૮ની અરજીથી ટેના નં.૧૭બી–૩૫–૦૭૯૧–૦–૦૦૧ ના આકારણી વર્ષ ૧૯૯૧–૯૨ થી આકારણી વર્ષ ૧૯૯૯–૨૦૦૦ સુધીની સાલના વેરા બીલોની નકલો આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોન ના પત્રનં.પશ્ચિમઝોન/આ.નં.૧૭૩તા.૧૭–૩–૦૮થી ટેના નં.૧૭બી–૩૫–૦૭૯૧–૦–૦૦૧ નાવેરા બીલો સને૧૯૯૧–૯૨ થી ૧૯૯૯–૨૦૦૦સુધીના અત્રેના કોમ્પ્યુટર ઉપર રેકર્ડ ઉપર નથી તેવું જણાવી સને ૨૦૦૧–૦૨ થી ૨૦૦૬–૦૭ સુધીના પાર્ટી સ્ટેટસ નકલ રૂા.૨/– લેખે નકલ દીઠ ભર્યેથી મળી શકશે એમ જણાવેલ. જે તમામ માંગ્યા મુજબની માહિતી મળી નથી. એમ જણાવી અરજદાર ધ્વારા તા.૨૨–૪–'૦૮ના રોજ અપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત સદર માહિતી કોમ્પ્યુટર રેકર્ડ સિવાય અન્ય દફતરે ભૌતિક સ્વરૂપમાં સદર માહિતિ છે કે કેમ ? તેમજ આ બાબતે ત્રાહિત પક્ષકારને સ્પર્શે છે કે કેમ? તે અંગેની સમર્થન સહિતની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩ તા.૨૮–૪–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પૂરક માહિતી માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી માહિતી મળેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી કોમ્પ્યુટર રેકંડ સિવાય અન્ય રીતે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ હોય તો તે પૈકી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમની જોગવાઈને અનુસરીને પૂરી પાડવા અને તે ન હોય તો તે અંગેના કારણોની માહિતી અરજદારને દિન–૭ માં અત્રે ની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી,